# શહેરનું પ્રથમ એસી મંદિર-સાંઈબાબા મંદિર

ગાંધીનગર, તા.૩૧

પવિત્ર શ્રાવણમાસમાં મંદિરોમાં અનેરો ધાર્મિક માહોલ જામ્યો છે. શહેરમાં શ્રાવણમાસમાં ભકિતરસ નિખર્યો છે. નગરના શિવ મંદિરો તેમજ ભકતોના જયઘોષથી ગાંજી ઉઠે છે. મંદિરોમાં બિરાજમાન ભગવાન પ્રત્યે ભકતો અનેરી શ્રધ્ધા તેમજ આસ્થા ધરાવે છે. ત્યારે શહેરના સેકટર-૩ સ્થિત આવેલ સાંઈબાબા મંદિર એ નગરનું સૌપ્રથમ એસી મંદિર બન્યું છે. શહેરની કાળઝાળ ગરમીમાં બાબાને કેવી તકલીફ થતી હશે તેવો વિચાર આવતા ભકત દ્વારા આસ્થા સાથે મંદિરના ગર્ભગૃહમાં એસી તેમજ સ્લાઈડર ડોરની વ્યવસ્થા કરાઈ છે.

આજનો યુગ એ આધુનિક ઉપકરણનો યુગ છે. ટીવી, મોબાઈલ, કોમ્પ્યુટર સહિતના ઉપકરણનો વિશેષ



ઉપયોગ કરે છે. છેલ્લા ઘણા સમયથી હાલનું રુતુચક્ર પણ ખોરવાઈ ગયું છે.જેના લીધે ગરમી તેમજ ઠંડી રેકોર્ડ બ્રેક નોંધાય છે. શહેરમાં ગરમીના દિવસોમાં પાણીના રેલા નીતરે છે. દુનિયાની વૈભવી જીવનની આ માયાજાળમાં પણ નાગરીકોમાં ભગવાન પ્રત્યેની શ્રધ્ધા અપાર છે. ત્યારે શહેરના સેકટર-૩ ખાતે પ્રસિધ્ધ સાંઈબાબાનું મંદિર આવેલું છે. આ મંદિર ખાતે ગુરુવારના રોજ અંદાજીત ૫૦૦૦થી વધુ ભકતો આવે છે. જયારે સાંઈબાબાના મંદિરમાં નિયમિત દર્શન કરવા આવતા ભકત ગરમીથી ત્રાહીમામ પોંકારી ઉઠ્યા હતા. ત્યારે ભકતને આસ્થા સાથે વિચાર આવ્યો કે બાબા આ ગરમી કેવી રીતે સહન કરી શકતા હશે કારણ કે મંદિરમાં વેન્ટીલેશન માટે જગ્યા ન હોવાથી ગર્ભગૃહમાં ઉકળાટ વધુ હોય છે. આરતીના સમયે પૂજારી ભાઈ પણ ગરમીમાં રેબઝેબ થઈ જાય છે. આ સમસ્યાને અનુલક્ષી ભકતે બે માસ અગાઉ ઉનાળાની સિઝનમાં મંદિરમાં એસી તેમજ સ્લાઈડર ડોર ની કામગીરી કરાવી દીધી છે. શહેરના સેકટર-૩ ખાતે આવેલ સાંઈબાબા મંદિર હજ્જારો ભકતોનું આસ્થાનું પ્રતિક છે. ગુરુવારના રોજ આવતા તમામ ભકતો માટે ખીચડી તેમજ બુંદીનો પ્રસાદ આપવામાં આવે છે. એક દાયકા જુના મંદિરમાં ભકતો શહેરના ખુણે ખુણેથી આવે છે. મંદિર પરિવાર દ્વારા વર્ષ દરમિયાન બ્લડ ડોનેશન, ડેન્ટલ, આઈચેકઅપ, સર્વરોગ નિદાન કેમ્પ સહિતનું આયોજન કરવામાં આવે છે. જયારે ભકતો દ્વારા જન્માષ્ટમી, દશેરા, રામનવમી સહિત ના તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. બાળકો માટે શૈક્ષણીક સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. શહેરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સેકટર-૩ સાંઈબાબા મંદિર એસી મંદિર બનતા બાબાના ભકતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૮.૩૦ કલાકે યોગેશભાઈ રાવલના નિવાસસ્થાન બ્લોક નં. ૭૭૨, આદર્શનગર સે-૨૪ ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે પવિત્ર શ્રાવણ માસમાં પૂ. મહંત મધુસુદન દાસ બાપુની નિશ્રામાં પ્રારંભ શિવકથાની આજે પૂર્ણાહુતિ કરાશે.

● સે-૨૩, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા પુનમભાઈ ભટ્ટના નિવાસસ્થાન બ્લોક નં. ૨૫/૩, છ ટાઈપ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા હેમેન્દ્રભાઈ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૩૩૩/૨, સે-૭ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે હિતેશભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૦૭/૧, સે-૭-ડી ખાતે સામુહિક રૂદ્રપૂજા યોજાશે.

● વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા પિયુષભાઈ મહેતાના નિવાસસ્થાન ૩૮૩, ગાયત્રી સોસાયટી, સે-૨૭ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન સ્ત્રોત, શિવ પુજન અને શિવ વંદના કરાશે.

## વાતવાતમાં

● ગાંધીનગર શહેરના સે-૬ ખાતે ગત રોજ સાંજે એક મકાન પર વિજળી પડતા ઘરમાં રહેલા તમામ આધુનિક ઉપકરણોને નુકશાન થયું હતું. જેના કારણે સોસાયટીના અંદાજે ૨૫થી વધુ ટીવી સેટને નુકશાન પહોંચ્યું હોવાનું ધ્યાને આવ્યું છે.

● પેથાપુર ચરેડી વડ પાસે સંધ્યાગીરી બાપુના આશ્રમ ખાતે શ્રાવણ માસમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં પેથાપુર વાસીઓએ ઉત્સાહભેર ભાગ લઈ જોડાયા હતા જયારે અમાસના દિવસે આશ્રમ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

# એસ.ટી. ડેપોનો ટેલિફોન શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર એસટી ડેપોમાં ટેલીફોન ઈન્કવાયરી માટે મુકવામાં આવલે ટેલીફોન માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. આ ટેલીફોન મોટેભાગે એન્ગેંજ બતાવે છે તેમજ જયારે કોઈ નાગરીકનો ફોન લાગી જાય છે તો પણ એસટીના જાડી ચામડીના કર્મચારીઓ ફોન ઉપાડવાની તસ્દી સુધ્ધા લેતા નથી. કર્મચારીઓની આ ઢીલી નીતિથી નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે. તંત્ર દ્વારા દિવસના ૧૭ કલાક ફોન પર બસ અંગેની માહિતી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ કર્મચારીઓ ૭ કલાકની પણ ફરજ યોગ્ય રીતે બજાવતા નહી હોવાનો શૂર નાગરીકોમાં ઉઠવા પામ્યો છે. શહેરના નાગરીકોને બસના સમય અંગેની માહિતી ટેલીફોન પર સરળતાથી મળી રહે તે માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી નગરજનોની લાગણી અને માગણી છે.

ગાંધીનગર શહેરનું એસટી તંત્ર સતત વાઈબ્રન્ટ હોય છે. ઉતર ગુજરાત તરફ નો માર્ગ વાહન વ્યવહાર વધુ હોવાથી મુસાફરોનો ભારે જમાવડો હોય છે. ગાંધીનગર એસટી ડેપોમાંથી રોજના હજ્જારો મુસાફરો આવન જાવન કરે છે. શહેરી બસ ડેપો દ્વારા સમગ્ર ગુજરાતના જિલ્લા તેમજ તાલુકા મથકના શહેરો અને ધાર્મિક સ્થાનોને આવરી લેતું સુચારુ રોડ નેટવર્કની વ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે શહેરીજનોને રાજયના કોઈપણ ખુણાની બસ કયારે છે તેની માહિતી ઘરે બેઠા ટેલીફોનીક વાતચીત થી મળી રહે તે અંગે ડેપો તંત્ર દ્વારા ટેલીફોન ઈન્કવાયરી કાર્યરત કરવામાં આવી છે. આ સેવા નાગરીકોને સવારે ૫ થી રાત્રીના ૧૦ કલાક સુધી ઉપલ્બધ છે પરંતુ નાગરીકો ટેલીફોન સેવામાં માહિતી માટે ફોન કરે છે ત્યારે ફોન કોઈ ઉપાડતુ નથી અને ફોન બીજી થઈ જાય છે. ફોન દ્વારા માહિતી મળતી નથી તો ફોન બીજી કઈ રીતે થઈ જાય છે તે પણ તપાસનો વિષય છે. અત્યારે હાલ તો ઈન્કવાયરી માટે મુકવામાં આવેલ ફોન શોભાના ગાંઠીયા સમાન હોય તેવું નાગરીકોને લાગી રહ્યું છે. તંત્ર દ્વારા ટેલીફોનીક માહિતી ઝડપી અને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા સત્વરે કરવામાં આવે તેવુ નાગરીકો ઈચ્છી રહ્યા છે.



જલારામ સેવા સમાજ દ્વારા સેકટર-૨૯, જલારામ મંદિર ખાતે રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રામધૂન દરમિયાન વિરપુર ખાતે જલારામ ધામના ગાદીપતિ શ્રી જયસુખ રામબાપા રામશરણ થતા તેઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જેમાં સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી, મંત્રી સેવંતીલાલ ઠકકર અને સભ્યો હાજર રહ્યા હતા.

## વોર્ડ નં-૮ માં સ્ટ્રીટ લાઈટના ધાંધિયાથી નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટના ધાંધિયા ઉભા થવા પામ્યા છે. શહેરના મોટાભાગના સેકટરોમાં લાઈટો ડુલ થતા નાગરીકો હેરાન પરેશાન છે.

ગાંધીનગર શહેરના વોર્ડ નં-૮માં સેકટર-૨, ૩ ન્યું, ૪ તેમજ ઈન્ફોસીટી વિસ્તાર આવે છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી વિજપોલ બંધ રહેતા અંધારપટ છવાઈ જાય છે. આ અંધારપટને પગલે નાગરીકો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. ચોમાસાને પગલે ઠેરઠેર ભરાયેલા વરસાદી પાણીના ખાબોચીયા તેમજ સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી સિનિયર સિટીઝન વસાહતીઓને ભારે મુસીબતનો સામનો કરવો પડે છે. સેકટરોના આંતરીક માર્ગો પર રખડતા પશુઓ અડીંગો જમાવીને બેસતા નાના-મોટા અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે વોર્ડના વસાહતીઓએ કોર્પોરેટરને સમસ્યાની જાણ કરતા ટોરેન્ટ તંત્રને લેખીત ફરીયાદ કરવામાં આવી છે પરંતુ યોગ્ય નિરાકરણ હજુ સુધી આવ્યું નથી. સેકટરના વિજપોલ માત્રને માત્ર શોભાના ગાંઠીયા સમાન ભાંસી રહ્યા છે. પોતાનું સેકટર લાઈટથી કયારે ઝગમગશે તેની વસાહતી ભાઈ બહેનો રાહ જોઈને બેઠા છે. ગાંધીનગર અત્યારે હાલ સ્માર્ટ સીટી બનવા જઈ રહ્યું છે ત્યારે નગરની પાયાની સમસ્યાનો તો ઉકેલ આવતો નથી તેવું વસાહતીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

# ચિલોડા પ્રાથમિક શાળા સીસીટીવીથી સજ્જ

## ગ્રામ પંચાયતે નાણાં ફાળવ્યા જયારે એસએમસીએ સહયોગ પૂરો પાડયો

ગાંધીનગર, તા.૩૧

રાજયમાં પ્રાથમિક શાળાઓમાંથી કિંમતી સરસામાનની ચોરીની ઘટનાઓ દિન પ્રતિદિન વધતી જઈ રહી છે.



જેથી આ ચોરીની ઘટનાઓ અટકાવવા ચિલોડાની પ્રાથમિક શાળામાં પહેલ થઈ છે. ચિલોડા ગ્રામપંચાયતે પોતાના ખર્ચે પ્રાથમિક શાળામાં સીસીટીવી લગાવડાવ્યા છે જેમાં એસએમસીએ સહયોગ પૂરો પાડતા શાળા હવે સલામત બની ગઈ છે અને ગ્રામજનોએ પણ આ પહેલને આવકારી સંતોષ વ્યકત કર્યો છે.

ચિલોડા પ્રાથમિક શાળાના પ્રવેશ દ્વાર તેમજ આગળ, પાછળ અને શાળાની અંદર સીસીટીવી કેમેરાની બાજ નજર ખડકાઈ ગઈ છે. પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર, તિજોરી તેમજ મધ્યાહન ભોજનના સરસામાનની સલામતી જળવાઈ રહે તેવા શુભ હેતુથી ગ્રામ પંચાયત આ ઉમદા કાર્યમાં સહભાગી બન્યું છે. વધુમાં હાલ બાળકોને ઉઠાવી જવાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી છે. જેથી બાળકો પણ સીસીટીવી સર્વેલન્સમાં રહેશે અને તેઓ તથા વાલીઓ ચિંતામુકત બનશે. ગ્રામ પંચાયતે પોતાના ખર્ચે આ સામાજીક કાર્ય કરી શ્રેષ્ઠ કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. વધુમાં આ કાર્યમાં એસ.એમ.સીના સભ્યોએ પૂર્ણ સહકાર પુરો પાડી ગ્રામ પંચાયતની આ પહેલને બિરદાવી છે. ગ્રામજનોએ પણ પંચાયતની આ સેવાને આવકારદાયક ગણાવી બાળકો અને સરસામાનની સલામતી માટે આ ઉપકરણો આવશ્યક ગણાવ્યા હતા.

# એએસઆઈએ ત્રણ પોલીસ જવાનોના નામ લખીને એસીડ પીધું હતું...!

## આપઘાત કર્યા પહેલા એએસઆઈએ એક ચિઠ્ઠીમાં ત્રણ જવાનોના કારણે આ પગલુ ભરતા હોવાનું લખ્યું : પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી

ગાંધીનગર, તા.૩૧

સેકટર-૨૧માં રહેતા અને ટ્રાફીક શાખામાં ફરજ બજાવતા એએસઆઈ એ ગઈ કાલે પોતાના ઘરે એસીડ ગટગટાવી લઈને આપઘાત કરી લીધો હતો. ઘટના સ્થળેથી પોલીસને એક ચિઠ્ઠી મળી આવી છે. જેમાં એક એએસઆઈ તથા બે ડ્રાઈવર મળીને ત્રણ પોલીસ જવાનોના નામ લખી તેમના કારણે આ પગલુ ભરતા હોવાનું લખેલું છે. ચિઠ્ઠી જપ્ત કરીને સે-૨૧ પોલીસે ઘટના અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગુજરાત રાજયના ચિફ સેક્રેટરીના પાયલોટમાં ડયુટી કરતા ટ્રાફીક ડીપાર્ટમેન્ટના એએસઆઈ ડાહ્યાભાઈ સોમાભાઈ પરમારે ગઈ કાલે બપોરના અરસામાં પોતાના ઘરે સે-૨૧ છ ટાઈપ બ્લોક નં. ૨૩/૨ ખાતે એસીડ ગટગટાવી લઈને આપઘાત કરી લીધો હતો. સે-૨ પોલીસે મૃતદેહ પીએમ કરાવી સ્થળ પંચનામું કર્યું ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં એટીએમનો ગુપ્ત કોડ ઉપરાંત ડ્રાઈવર મોરભાઈ, ડ્રાઈવર જશવંતભાઈ અને એએસઆઈ કાળુસિંહ ત્રણ પોલીસ સહકર્મીઓના નામનો ઉલ્લેખ કરેલો છે અને તેમના લીધે આ પગલું ભરતા હોવાનું ચિઠ્ઠીમાં લખ્યું છે. પોલીસે આ ચિઠ્ઠી જપ્ત કરીને લખાણ મૃતક ડાહ્યાભાઈનું જ છે કે કેમ તે દિશામાં તપાસ શરુ કરી ચિઠ્ઠીમાં લખાયેલા જવાનો અંગે તપાસ શરુ કરી છે. સે-૨૧ પોલીસ મથકના જમાદાર રાજેન્દ્રસિંહે ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

## સે-૨૯ નિકિ હોસ્પિટલ ખાતે નિઃશુલ્કપણે નિદાન અને રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

નિકી મેટરનીટી હોમ દ્વારા આગામી તા. ૪ સપ્ટેમ્બરના રોજ સવારના ૯.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન ૩૬મો મફત નિદાન કેમ્પ તથા કેન્સરના દર્દીઓના લાભાર્થે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. પ્લોટ નં. ૪૮૪/૨, નિકિ હોસ્પિટલ, સે-૨૯ ખાતે હાડકામાં કોલ્શિયમની તપાસ, હિમોગ્લોબીન ચેકઅપ, દાંતની તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત વજન વધારાની સમસ્યા માટે ચરબીનું પ્રમાણ માપીને નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન અને ડાયટિશિયન મારફતે આહારનું માર્ગદર્શન પણ આપવામાં આવશે જેનો લાભ લેવા ડૉ. ડી.એ. રતાણી દ્વારા જણાવાયું છે.

# સાદરા રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા ગામડાઓમાં શેરી નાટકો દ્વારા જનજાગૃતિ

ગાંધીનગર, તા.૩૧

શારીરિક શિક્ષણ અને રમત ગમત વિજ્ઞાન વિદ્યાશાખા,ગૂજરાત વિદ્યાપીઠ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને ગાંધીનગર જિલ્લા પંચાયતના સંયુકત ઉપક્રમે બેટી બચાઓ અને વસતિ ઘટાડો વિષે શેરી નાટકો દ્વારા જનજાગૃતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન સાદરા, ચંદ્રાલા, છાલા, દોલારાણા વાસણા, ડભોડા અને વડોદરા ગામના ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીઓની સામે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો ભરત નાવડીયા, આકાશ રામી, નીલેશ વાજા, એરોન ખરાડી, હિતેન્દ્ર પાંડોર, વિશાલ મેતીયા, અરવિંદ સરવૈયા, અર્જુનસિંઘ રાયસિખ, અજય સોલંકી, જીગર રાઠોડ, ચિરાગ પટેલ, સંદીપ ચાવડા અને હર્ષદ પરમારે બેટી બચાઓ અને વસતિ ઘટાડો વિષય પર સરસ શેરી નાટકો ભજવ્યા હતા તેમજ આવતી પેઢીના નાગરિકોમાં આ વિષયો પર જાગૃતિ ફેલાવવાનું સરસ કાર્ય કર્યું. જેમાં વિદ્યાર્થીઓને શેરી નાટકોની તાલીમ પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકર અને સીનીયર વિદ્યાર્થી નિકુંજ જાગાણીએ આપી હતી. કાર્યક્રમની સફળતામાં ગામની શાળાના પ્રાચાર્યો અને સ્વાસ્થ્ય વિભાગના સેવકોનું વિશેષ યોગદાન રહ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં અધ્યાપક ડો. ઉદાજી પરમાર, ડો. અરવિંદભાઈ રામી અને ડો. વિજયભાઈ મકવાણાનું વિશેષ યોગદાન રહ્યું હતું. આ કાર્યક્રમના માર્ગદર્શક ગૂજરાત વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ કોર્ડીનેટર ડો. અરૂણભાઈ ગાંધી અને ગુજરાત રાજયના યુથ ઓફિસર કમલકુમાર કર રહ્યા હતા.

કાર્યક્રમના આયોજનમાં આખી વ્યવસ્થા કરનારની જવાબદારી સંસ્થાના ડીન પ્રો. જમનાદાસ સાવલિયાએ



નિભાવી હતી. કાર્યક્રમના આયોજનમાં વિશેષ યોગદાન સંસ્થા સેવક લાલજીભાઈ સોલંકીનું રહ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં જિલ્લા પંચાયત ગાંધીનગર તરફથી ચેતનાબહેન પટેલ-જિલ્લા આઈ.સી. અધિકારી અને રાજેન્દ્રભાઈ પટેલ-તાલુકા આઈ.સી. અધિકારીની વિશેષ કામગીરી રહી હતી. સંપૂર્ણ કાર્યક્રમના આ યોજનની જવાબદારી રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટે નિભાવી હતી.

# હોસ્પિટલના વોર્ડમાં મોટાભાગના ઈસીજી મશીન બંધ

ગાંધીનગર, તા.૩૧

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં વધારો થતા લાભાર્થીઓનો ઘસારો વધુ જોવા મળે છે. હોસ્પિટલમાં સાતમાં તેમજ આઠમાં માળે દર્દથી કણસી રહેલા દર્દીઓ માટેના ઈસીજી મશીન મોટાભાગના બંધ હાલતમાં છે. દર્દી આવતા એક વોર્ડથી બીજા વોર્ડમાં ઈસીજી મશીન લેવા માટે કર્મચારીઓ દોડાદોડી કરવી પડે છે.જયારે ઓક્સીજનને લઈને પણ દર્દીઓમાં ફરિયાદનો શૂર ઉઠવા પામ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં રોજ નિતનવા ધાંધિયા બહાર આવે છે. દર્દથી કણસી રહેલા દર્દીઓની હાલત દયનીય બનવા પામે છે. હોસ્પિટલના સંકુલ પાછળ કરોડો રુપીયાનું આંધણ કરવામાં આવ્યું છે. છતા પણ સંકુલમાં માળખાકીય સુવિધામાં દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડે છે. શહેર તેમજ આસપાસના જિલ્લામાંથી મોટીસંખ્યામાં લાભાર્થીઓ આવે છે. ત્યારે સિવિલના અંતરંગ સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરની હોસ્પિટલમાં નવી ઈમારતમાં સાતમાં તેમજ આઠમા માળે ઈસીજી મશીન બંધ હાલતમાં છે. હાર્ટના દર્દીઓ માટે ઈસીજી ટેસ્ટ મહત્વનો હોય છે તે જોઈને ડોકટર દ્વારા દવા આપવામાં આવે છે. ત્યારે હોસ્પિટલમાં સારવાર મેળવતા હાર્ટના દર્દીઓને ઈસીજીની જરુરીયાત જણાય ત્યારે કર્મચારીઓ ઈસીજી મશીન શોધવાની મથામણ કરે છે. જયાર છેલ્લા કેટલાક સમયથી નવા બિલ્ડીંગમાં ઓકસીજનને લઈને પણ ફરીયાદો ઉઠવા પામી છે. નાગરીકોને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં હોસ્પિટલ તંત્ર ઉણુ ઉતર્યુ છે. જયારે દર્દીઓ પણ ઈસીજી સહિતની પ્રાથમિક જરુરીયાતોવાળી સવલતો તંત્ર દ્વારા સત્વરે પુરી પાડવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

## ગણેશોત્સવ અંતર્ગત ૭મીએ વિવિધ સ્પર્ધાઓ

ગાંધીનગર, તા.૩૧

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ અને જયોતિ મહિલા મંડળ દ્વારા આગામી તા. ૭ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૩૦ કલાકે સે-૨૨, રંગમંચ ખાતે મહિલાઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હલ્દી કંકુનો કાર્યક્રમ, ભજન સ્પર્ધા, આરતી સુશોભન અને ફુલદાની શણગાર સહિતની સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા તમામ મહિલાઓને લતાબેન ચોકસી અને ડૉ. ચેતના બુચ દ્વારા અનુરોધ કરાયો છે.

## ચિરવિદાય

- સ્વ. મોતીબા ભવાનસિંહ વાઘેલા, ઉ.વ. ૭૨
- સ્વ. ગોવિંદભાઈ હિરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૨
- સ્વ. ભરતજી ભીખાજી ઠાકોર, ઉ.વ. ૩૦
- સ્વ. માનકુંવરબા વિજયસિંહજી ઝાલા, ઉ.વ. ૮૬